## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




આપણી પાસે પણ ઉપાય છે જ... હું કહુ પછી થાળી વગાડીને ગાવાનું 'બર્ડ-ફ્લ્યુ - ગો - ગો - ગો....!

## ચિલોડામાં ૪ કિલો નકામી પતંગ-દોરી એકત્રિત કરી નાશ કર્યો



ચિલોડા, તા. ૧૭


ગાંધીનગર તાલુકાના મુખ્ય પ્રવેશ દ્વાર સમા જંકશન મથક સૌનું આકર્ષણ કેન્દ્ર ગણાય છે. ત્યારે ઉત્તરાયણ પર્વની પતંગરસિકોએ ઉત્સાહભેર ઉજવણી કરી હતી. આ ઉપરાંત મકરસંક્રાંતિ પર્વમાં ખાસ ઉંધિયુ ફાફડા જલેબી, ખમણની મિજબાની માણી આનંદ-ઉલ્લાસ મોજમજાથી બે દિવસ મનભેર પર્વ માણ્યો હતો. ત્યારે ગામના મુખ્ય ચોક ગણાતો પક્ષી-ચણ માટેનો ચબુતરો અને રામજી મંદિરના ધાબા પર દરરોજ કબૂતરોનું ચણનુ આશ્રયસ્થાન ગણાય છે. ત્યારે ચિલોડા આ વિસ્તારમાં રહેણાંક વિસ્તારના મકાનો પર પતંગ રસિકોએ કાતિલ પતંગદોરી દ્વારા પતંગો ઉડાડી મજા માણી ત્યારબાદ અસંખ્ય કપાયેલ પતંગની દોરીના ગુંચડા અને ઝોલાં રસ્તામાં લટકતા કે પડેલ ચાઈનીજ દોરીથી પક્ષીઓના પગમાં કે પાંખોમાં ન આવે તેમજ પક્ષીઓને કોઈપણ પ્રકારની ઈજા ન થાય તેવા હેતુસર ગામના અગ્રણી વિષ્ણુભાઈ પટેલ વકીલ તથા સ્વયંસેવકોની ટીમ બનાવી ૪ કિલો નકામી પતંગની દોરી એકત્રીત કરી નાશ કર્યો હતો.


## હવે અમદાવાદમાં બર્ડ ફ્લૂની આશંકા મણિનગરમાં આકાશમાંથી બગલો પટકાતા મોત

અમદાવાદ,તા.૧૭

ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોમાં બર્ડ ફ્લૂની દહેશત જોવા મળી રહી છે, ત્યારે અમદાવાદના મણિનગરમાં ગોરના કુવા નજીક આકાશમાંથી ઉડતો બગલો અચાનક નીચે ઢળી પડતા લોકો પણ ભયભીત બન્યા છે. આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, મણિનગરની કૈલાશવનની સામે ખારીકટ કેનાલ નજીક આવેલ કર્મભૂમિ સોસાયટીના રહેણાંક બંગલા નજીક એક ઉડતો બગલો અચાનક ઢળી પડ્યો હતો. જેમાં ઘટના સ્થળે જે બગાલનું મોત થતાં કર્મભૂમિના રહીશોમાં બર્ડ ફ્લૂને લઈને ફફડાટ ફેલાયો છે. આ અંગે સ્થાનિકોએ ૧૯૬૨ હેલ્પલાઈન પર કોલ કરીને જાણ કરવામાં આવતા તેમણે મૃત્યુ પામેલા પક્ષી માટે આવવાની અસમર્થતા દર્શાવી એએમસીના તંત્રને જાણ કરવાની સલાહ આપી હતી.

# સોનીપુરના તળાવમાં વૃક્ષ પર પતંગની દોરીમાં ફસાયેલા ચાર બગલાનું દિલધડક રેસ્ક્યુ







**ડિઝાસ્ટર મેનેજમેન્ટ સાથે સંકળાયેલા આપદા મિત્રોએ ફાયરબ્રિગેડની મદદથી રેસ્ક્યુ કર્યું : ચારમાંથી ત્રણ બગલા બચી ગયા અને એકનું મોત નીપજ્યુ**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર તાલુકાના સોનીપુર ગામના તળાવની વચ્ચે એક ઝાડ પર પતંગની દોરીમાં ફસાયેલા ચાર બગલાનું દિલધડક રેસ્ક્યુ કાર્ય ફાયરબ્રિગેડની મદદથી ડિઝાસ્ટર મેનેજમેન્ટ કચેરી સાથે જોડાયેલા પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટના આપદા મિત્ર યુવાનો દ્વારા પાર પાડવામાં આવ્યું હતું. આ રેસ્ક્યુ કાર્યમાં ચાર બગલાઓ પૈકી એક તદન સ્વસ્થ હોવાથી તેને ગગનમાં મુક્ત કરી દેવાયો છે જ્યારે બે બગલા વનચેતના કેન્દ્રમાં સારવાર હેઠળ રખાયા છે પરંતુ કમનસીબે એક બગલાનો જીવ બચાવી શકાયો નહોતો.

સોનીપુર ગામે રહેતા નરેશ ઠાકોર નામના યુવા સ્વયંસેવક દ્વારા જિલ્લા કલેક્ટરની દેખરેખ હેઠળ કામ કરી રહેલ ડિઝાસ્ટર મેનેજમેન્ટની આપદા મિત્ર ટીમને જાણ કરવામાં આવી હતી કે તેમના ગામના તળાવમાં એક બાવળના ઝાડ પર કપાયેલી પતંગોના દોરામાં ફસાઈને ચારેક બગલાં લટકી રહ્યાં છે જેને તેમણે વાંસ વડે બચાવવા પ્રયાસ કર્યો પરંતુ પાણીથી ભરેલા તળાવમાં દૂર હોવાથી શક્ય બન્યુ નથી. આ કોલ મળતા જ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સાથે સંકળાયેલા પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટના આપદા મિત્રો વિવેક પરમાર, અમિત ગોંડ અને દેવલ ભાવસાર સોનીપુર ધસી ગયાં હતા અને તેમણે પણ પ્રયાસ કર્યા છતાં એવું લાગ્યુ કે અહીં ફાયરબ્રિગેડની મદદ લેવી પડશે એટલે તુરંત તેમણે ગાંધીનગરના ચીફ ફાયર ઓફિસર મહેશ મોડનો સંપર્ક સાધ્યો હતો. મહેશ મોડે તાત્કાલીક ફાયરબ્રિગેડની ટીમને સોનીપુર મોકલી હતી જ્યાં બે ફાયર કર્મીઓ જયેશ કોટવાલ અને પૃથ્વીસિંહ પોતાના શર્ટ ઉતારી તળાવના પાણીમાં ઝંપલાવ્યુ હતુ અને તરતાં તરતાં વૃક્ષ પાસે જઈને પોતાની "વાંસી" વડે બગલાઓને નીચે ઉતાર્યા હતા. આ બગલાંઓને આપદા મિત્રો દ્વારા ચકાસવામાં આવ્યા હતા જેમાં એક બગલાનું મૃત્યુ થયેલુ હતુ જ્યારે અન્ય ત્રણ પૈકી બે બગલાંને ગંભીર અને એકને સામાન્ય ઈજાઓ થઈ હતી. આપદા મિત્રો સહિતની ટીમે આ બગલાઓને સેક્ટર-૩૦માં વનચેતના કેન્દ્રને સોંપ્યા હતા જેમાં બગલાંઓને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. આ પછી જે બગલાને સામાન્ય ઈજાઓ હતી તે તદન સ્વસ્થ જણાતા તેને આકાશમાં ઉડાડી મુકવામાં આવ્યો હતો જ્યારે અન્ય બે બગલાંને હજુ દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે.

## ખૂણેખાંચરેથી

- ભારતીય કિસાન સંઘના સ્થાપક ખેડૂત અગ્રણી જીવણદાદાને ભાવાંજલિ આપવાનો એક કાર્યક્રમ મેડીકલ કોલેજના ઓડિટોરીયમમાં બપોરે ૧ થી ૩ દરમ્યાન આજે યોજવામાં આવ્યો છે.
- આજે દહેગામના સાંપા ખાતે કિસાન સૂર્યોદય યોજનાનો પ્રારંભ રાજ્ય ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાના હસ્તે સવારે ૧૧ વાગે થશે.
- આરોગ્યતંત્રના કર્મયોગીઓ અને યુજીવીસીએલના કર્મયોગીઓના આંદોલને સરકારને હચમચાવી છે પણ સરકાર વાટાઘાટો માટે ઉતાવળમાં નથી.
- કોરોના વેક્સીનેશનનુ બીજુ સેશન યોજવા માટે સરકાર દ્વારા આજે સૂચનાઓ જારી થવાની સંભાવના છે. મંગળવાર અને ગુરૂવારે વેક્સીનેશનનો કાર્યક્રમ આગળ ધપશે તેમ મનાઈ રહ્યુ છે.
- ગાંધીનગર શહેરમાં નગરજનો હાલ બેવડી ઋતુનો અનુભવ કરી રહ્યા છે. દિવસે ગરમી અને રાત્રે ઠંડીનો માહોલ જોવા મળે છે.
- ગાંધીનગર જિલ્લાના બજારોમાં નવા બટાટાના પાકની આવક શરૂ થવા પામી છે.

# ગાંધીનગર ડેપોમાં ગ્રામ્ય વિસ્તારના બસ સ્ટોપ પર સાંજના સમયે ધક્કામુક્કી

**સાંજના સમયે સિવિલ તેમજ પાલડી સહીતના રૂટમાં બસ ન મળતા મુસાફરો ગ્રામ્ય વિસ્તારના સ્ટેન્ડ પર આવે છે : સાંજે આ રૂટમાં યોગ્ય સંચાલન કરવામાં આવે તેવી માંગણી**

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર એસ ટી ડેપોમાં સાંજના સમયે મુસાફરોની ભીડ જામે છે. ખાસ કરીને અમદવાદ જવા માટે બસ ન મળતા ગ્રામ્ય વિસ્તારના બસ સ્ટોપ પર મુસાફરો અમદાવાદ જવા માટે બસમાં બેસવા ધક્કામુક્કી કરતા નજરે પડે છે. સાંજના સમયે સિવિલ તેમજ પાલડીના રૂટમાં બસ ન હોવાથી મુસાફરોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. સાંજના સમયે આ રૂટમાં યોગ્ય બસનુ સંચાલન થાય તેવી વ્યવસ્થા ગોઠવવા પણ રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં હવે ટ્રાફિક વધતા બસમાં મુસાફરોની સંખ્યા પણ વધુ જોવા મળે છે. કોરોનાનો કહેર ઓછો થતા અપડાઉન કર્તાઓ હવે સલામત સવારીનો ઉપયોગ કરી રહ્યા છે. ગાંધીનગર અમદવાદ વચ્ચેના રૂટમાં પણ ભીડ જોવા મળે છે. દિવસના અંતે સાંજના સમયે પણ ડેપોમાં વિશેષ ભીડ રહે છે. પરંતુ અમદાવાદના રૂટની બસ ન મળતા મુસાફરોએ ધક્કે ચઢવાનો વારો આવે છે. છેલ્લા કેટલાક સમયથી એસ ટી ડેપોમાં ગ્રામ્ય વિસ્તારના સ્ટેન્ડ પર સાંજ ઢળતા મુસાફરોની ભીડ જામે છે. અમદાવાદના સ્ટેન્ટ પર બસ ન આવતા સિવિલ તેમજ પાલડી સહીતના રૂટમાં જવા માંગતા મુસાફરો ગ્રામ્ય વિસ્તારના બસ સ્ટોપ પર આવે છે. જયારે ગ્રામ્ય વિસ્તારની બસો પણ ઉપરથી મુસાફરો ભરીને આવતા બસમાં ભીડ થાય છે. જયારે બસમાં ચઢવા માટે પણ ધક્કામુક્કીના દ્રશ્યો સર્જાય છે. એકબાજુ અમદાવાદમાં હજુ રાત્રિના ૧૦ વાગ્યા બાદ કરફયુ છે. ત્યારે સાંજના સમયે ૬ થી ૮ ના સમયગાળામાં શહેરી બસ સેવા માટે વિશેષ ભીડ જોવા મળે છે. પરંતુ ડેપો કક્ષાએથી આ સમયગાળા દરમિયાન યોગ્ય રૂટનુ સંચાલન કરવામાં આવતુ નથી જેના લીધે મુસાફરો ગ્રામ્ય વિસ્તારની બસોમાં પણ જવા તૈયાર થઈ જાય છે. જયારે આ સિવાય અન્ય ખાનગી વાહનોમાં પણ મુસાફરી કરી રહ્યા છે. આવા સંજોગોમાં સિવિલ પાલડી સહીતના રૂટમાં સાંજના સમયે બસ સેવા યોગ્ય મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવા માટે પણ માંગ ઉઠવા પામી છે.

# ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા ચુંટણી સેલની રચના

ગાંધીનગર, તા.૧૭

આગામી સમયમાં આવનારી મહાનગર પાલિકા, નગરપાલિકા અને તાલુકા પંચાયતની ચુંટણીને અનુલક્ષી રાજય ચુંટણી પંચના આદેશ મુજબ ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા ચુંટણી સેલની રચના કરવામાં આવી છે. આ સેલમાં ગાંધીનગર જિલ્લા એસપી દ્વારા બે ડીવાયએસપી, બે પીઆઈ અને ૬ કોન્સ્ટેબલ સહિતની ટીમનો જવાબદારી સોંપાઈ છે. જેમાં ચુંટણીમાં નોડલ અધિકારી તરીકે ડીવાયએસપી એમ.જે.સોલંકી, તેમજ ડીવાયએસપી બી.જે.ચૌધરીને બંદોબસ્તમાં આવનાર તમામ પોલીસ અધિકારી-કર્મચારીઓને રહેવાની સુવિધાનું આયોજન કરવામાં આવશે. પીઆઈ જે.બી.પંડિત અને કોન્સ્ટેબલ સજ્જાદઅલી અને મિતેશકુમારને ડિટેઈલ રીપોર્ટની જવાબદારી સોંપવામાં આવી છે. જયારે પીઆઈ ડી.જી.તડવીને અને કોન્સ્ટેબલ મહાવીરસિંહ મહેન્દ્રસિંહ અને ભાવેશકુમાર બળદેવભાઈ, રાહુલકુમાર પ્રવિણકુમાર મૌલિક મનુભાઈ બંદોબસ્ત સ્કીમ અને ફોર્સ ફાળવણી તેમજ પત્ર વ્યવહારની કામગીરી સોંપવામાં આવી છે. જયારે પોસ્ટલ બેલેટની જવાબદારી કોન્સ્ટેબલ અભિષેક જયંતિભાઈને સોંપાઈ છે. આ તમામ અધિકારી-કર્મચારીઓને તેમની ફરજ ઉપરાંતની વધુ કામગીરી આપવામાં આવી છે.

# આચાર્ય દેવવ્રતની ખ્વાઈશ છે કે ગુજરાતમાં પ્રત્યેક ગામ પ્રાકૃતિક ખેતીનું રોલમોડલ બને

**ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત**

આચાર્ય દેવવ્રત એક એવા રાજ્યપાલ છે કે જેમનો ધ્યેય પ્રાકૃતિક ખેતીનો રહ્યો છે. ગુજરાતમાં તેઓ આ દિશામાં સતત પ્રયાસો કરતા રહ્યાં છે. તેમણે કુરૂક્ષેત્રના ગુરૂકુલમાં ૩૫ વર્ષ સુધી આચાર્ય તરીકે બાળકોને શિક્ષા તો આપી છે પરંતુ તેની સાથે તેમણે વર્ષો સુધી ખેતી પણ કરી છે. આ ગુરૂકુલમાં ૨૦૦ એકર જમીન છે અને ૩૦૦ ગાય છે જ્યાં તેમણે કૃષિ ક્ષેત્રે વ્યવહારિક પ્રયોગ કર્યા છે. કૃષિ અને ભારતીય શિક્ષણના તેઓ હિમાયતી છે. આચાર્યએ તેમના એક પ્રવચનમાં શિક્ષણ અંગે કહ્યું હતું કે આપણે એ દેશના લોકો છીએ કે જ્યાં આધ્યાત્મિક રૂપથી શિક્ષણના ક્ષેત્રમાં વિશ્વગુરૂ રહ્યો છે. આજકાલ આપણાં બાળકો ઇંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા અને કેનેડામાં જઈને અભ્યાસ કરી રહ્યાં છે તો આપણે તેને સૌભાગ્ય માનીએ છીએ પરંતુ એક સમય હતો જ્યારે આપણી તક્ષશિલા અને નાલંદા જેવી વિશ્વવિદ્યાલયમાં સમગ્ર વિશ્વમાંથી શિક્ષણ મેળવવા માટે બાળકો આવતા હતા.

**ભારતીય નસ્લની દેશી ગાયના ૧૦ કિલોગ્રામ ગોબરમાં ૩૦૦ કરોડથી વધુ જીવાણું રહેલા છે**

**આધુનિક ખેતીથી ગ્લોબલ વોર્મિંગની સમસ્યા...**

આચાર્ય કહે છે કે રાસાયણિક ખેતી પહેલાં દેશમાં કેન્સર અને ડાયાબિટીસ જેવા રોગોની બિમારી બહુ ઓછી જોવા મળતી હતી. હવે આ ખેતીના કારણે ગ્લોબલ વોર્મિંગની સમસ્યા પણ મોટી બની છે. રાસાયણિક ખેતીના કારણે એવા અસાધ્ય રોગ પેદા થયા છે કે જે સ્વાસ્થ્યને ખતરો પેદા કરે છે. ગુજરાતમાં આચાર્યએ પ્રત્યેક જિલ્લામાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા પ્રોત્સાહિત કરી એવો આગ્રહ કર્યો હતો કે, પ્રત્યેક ગામમાં પ્રાકૃતિક ખેતીનું મોડલ ફાર્મ બનવું જોઈએ. ગુજરાતમાં ગાય આધારિત ખેતી માટે સરકાર ખેડૂતને પ્રતિ માસ ૯૦૦ રૂપિયા આપે છે તેથી તેનો લાભ લઈને ખેડૂતોએ આ પદ્ધતિ પ્રત્યે જાગૃત બનવું જોઈએ.

**આપણે જમીન બરબાદ થતી રોકવી જોઇએ...**

આચાર્યએ એક સમારંભમાં સુભાષ પાલેકર પ્રસ્તાવિત કૃષિ પદ્ધતિ અંગે કહ્યું હતું કે આ એવી ખેતી છે કે જેમાં ઉત્પાદન ઓછું થતું નથી અને તેનો ખર્ચ શૂન્ય આવે છે. જે રસાયણિક ખેતીથી ભારતના ખેડૂતો લાભાન્વિત થઈ રહ્યાં છે તે કૃષિ પદ્ધતિ ધીરે ધીરે બોજ બનતી જાય છે અને ભારે નુકશાન જોઈ શકાય છે. એક સમય હતો જ્યારે ખેડૂતો તેમની એક એકર જમીનમાં ૧૦ થી ૨૦ કિલોગ્રામ યુરિયા અને ડીએપી નાંખતા હતા અને વધુ ઉત્પાદન મેળવતા હતા. આજે સ્થિતિ એવી આવી છે કે આ બન્ને રસાયણિક ખાતરો ખેતરમાં વધુ માત્રામાં નાંખવામાં આવે છે છતાં ઉત્પાદન વધતું નથી. ખેતીના ખર્ચા વધી રહ્યાં છે. ખેડૂતો દેવામાં ડૂબી રહ્યાં છે અને પોષણક્ષમતા નષ્ટ પામતાં જમીન બરબાદ થઈ રહી છે.

**હિમાચલનો અનુકરણિય સફળ પ્રયોગ...**

આચાર્યએ ગુજરાતમાં સુભાષ પાલેકર આધારિત ખેતીના પ્રયોગો શરૂ કર્યા છે અને તેના ઉત્તમ પરિણામો મળ્યાં છે. આ પદ્ધતિના કારણે જમીન વધે છે. પર્યાવરણ બચે છે. પાણીનો વપરાશ ઘટે છે. સ્વાસ્થ્ય સારૂં થાય છે. ગૌસંવર્ધન થાય છે. ખેડૂતોની આવક બમણી થઈ રહી છે. તેમણે કહ્યું હતું કે હિમાચલ પ્રદેશમાં આ મિશનની શરૂઆત કરી ત્યારે એક વર્ષમાં ૫૦૦ ખેડૂતોને જોડવાનું લક્ષ્ય રાખ્યું હતું પરંતુ ખેડૂતોનો ઉત્સાહ એટલો બધો વધ્યો કે આ મિશનમાં ૧૦,૦૦૦ કિસાનો જોડાયા હતા.

**એક ગાયથી ૩૦ એકરમાં ખેતી કરી શકાય...**

પદ્મશ્રી સુભાષ પાલેકર પ્રયોજીત ખેતી ગાય આધારિત છે. આ પદ્ધતિમાં એક દેશી ગાયથી ૩૦ એકર જમીનમાં ખેતી કરી શકાય છે. ગાયના ગોબર અને ગૌમૂત્રથી ખેડૂતો તેમનું ખાતર તૈયાર કરે છે. આ ખાતર તૈયાર

**૨૦૩૦ સુધીમાં દેશને ૧૪૦ કરોડ મેટ્રીકટન અનાજ જોઇશે ત્યારે હાલની ખેતી પદ્ધતિ નહીં ચાલે**



કરવાની પદ્ધતિને જીવામૃત કહેવાય છે. ભારતીય નસ્લની દેશી ગાયના ૧૦ કિલોગ્રામ ગોબરમાં ૩૦૦ કરોડ જીવાણુંઓ રહેલા છે. આ કુદરતી ખેતીમાં ઉપયોગમાં લેવામાં આવતી સામગ્રી બહારથી લાવવામાં આવતી નથી પરંતુ ખેતરમાં જ તૈયાર થાય છે જેથી ખર્ચ ઘટે છે અને જમીન ફળદ્રુપ બને છે. આ ખેતીનો મુખ્ય ધ્યેય ગામનો પૈસો ગામમાં રહે તે છે.

**ઝીરો બજેટની ખેતીથી ખેડૂત ખુશહાલ બને...**

સુભાષ પાલેકરે છ વર્ષ સુધી સંશોધન કર્યા છે અને એવું શોધાયું છે કે આ પદ્ધતિમાં દેશીગાય, બળદ કે ભેંસ ચાલે છે પરંતુ જર્સી હોસ્ટીન ચાલતી નથી. કાળા રંગની કપીલા ગાય સર્વોત્તમ છે. છાણ જેટલું તાજું એટલું વધારે સારૂં અને અસરકારક હોય છે. એક ગાયથી ૩૦ એકરમાં ખેતી થઈ શકે છે. આ પદ્ધતિમાં બિયારણને પટ આપવા માટે બીજામૃત, ફળદ્રુપતા વધારવા માટે હ્યુમસ (સેન્દ્રીય પદાર્થ), જીવામૃત, ઘન જીવામૃત, રોગ નિયંત્રણ માટે નીમાસ્ત્ર, બ્રહમાસ્ત્ર, અગ્નાસ્ત્ર, દશપર્ણી અર્ક, સપ્ત ધાન્યાંકુર અર્ક અને સૂંઠાસ્ત્રની બનાવટ હોય છે જેમાં મુખ્યત્વે ગાયનું ગોબર અને ગૌમૂત્ર સાથે અનેક સજીવ પદાર્થોનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્રકારના અનેક ઉપાયો આ ખેતી પદ્ધતિમાં કરવામાં આવતા હોય છે. બીજા શબ્દોમાં આ પદ્ધતિને ઝીરો બજેટની ખેતી કહેવાય છે.

**રાજ્યપાલનો જન્મદિન--- વૈદિક સંસ્કૃતિ અને પરંપરાના ગૌરવને પ્રસ્થાપિત કરવાનો ધ્યેય**

**અનાજ ઉત્પાદનમાં સ્વાવલંબી થવું જોઇએ...**

સુભાષ પાલેકર થોડાં સમય પહેલાં ગુજરાત આવ્યા હતા ત્યારે તેમણે કહ્યું હતું કે --- આજે દેશની જનસંખ્યા ૧૩૦ કરોડ છે જે ૨૦૨૩માં વધીને ૧૫૦ કરોડ થશે. આજે વાર્ષિક ૨૯ કરોડ મેટ્રીકટન અનાજનું ઉત્પાદન થાય છે જે ૨૦૩૦ સુધીમાં ૧૪૦ કરોડ મેટ્રીકટનની જરૂરિયાતને પહોંચશે ત્યારે હાલની ખેતી પદ્ધતિથી તે શક્ય બનશે નહીં અને અનાજ આયાત કરવું પડશે. આખા દેશમાં ૫૦ લાખ જેટલા ખેડૂતો ગાય આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળ્યાં છે જે પ્રગતિ માટે સારી નિશાની છે. જે ખેડૂત પાસે એક એકર જમીન છે તે ખેડૂત આ પદ્ધતિથી ખેતી કરે તો વર્ષે ત્રણ થી છ લાખ રૂપિયાની કમાણી કરી શકે છે.

**૧૯૮૧ થી ૨૦૧૫ સુધી ગુરૂકુલના આચાર્ય રહ્યાં...**

ગુજરાતના ૨૫મા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની નિયુક્તિ ૧૫મી જુલાઈ ૨૦૧૯માં થઈ હતી. એ પહેલાં તેઓ હિમાચલ પ્રદેશના રાજ્યપાલ હતા. રાજ્યને વિદ્વાન રાજ્યપાલ મળ્યાં છે. રાજ્યપાલ તરીકેની જવાબદારી પહેલાં તેઓ ૧૯૮૧ થી ૨૦૧૫ સુધી હિમાચલના કુરૂક્ષેત્રમાં ગુરૂકુળના આચાર્ય રહ્યાં હતા. આ સંસ્થાનું સંચાલન રોહતકની આર્ય પ્રતિનિધિ સભા કરી રહી છે. આચાર્યએ પંજાબ યુનિવર્સિટીમાંથી ૧૯૮૪માં હિન્દીમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યું છે. વાતાવરણને પ્રદૂષણ મુક્ત કરવાના અભિયાનમાં તેમણે મહત્વનું યોગદાન આપ્યું છે. આચાર્ય દેવવ્રત બેટી બચાવો, જળ સંરક્ષણ, વૃક્ષારોપણ, બેટી પઢાઓ અને મહિલા ભ્રુણ હત્યા સામેના કેમ્પેઈનમાં જોડાયેલા રહ્યાં છે. અગાઉ હિમાચલ પ્રદેશના રાજ્યપાલનો હોદ્દો સંભાળ્યો ત્યારથી તેઓએ સામાજીક મુદ્દાઓના નિવારણ માટે કાર્ય શરૂ કર્યું હતું. નશીલા પદાર્થો સામેની કામગીરી અને અસહિષ્ણુતા પર તેમણે ખૂબ કામ કર્યું છે.

**રાષ્ટ્રવાદી ચિંતન અને સંસ્કૃતિનો વિકાસ...**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે જોડાયેલા આચાર્ય ૧૮મી જાન્યુઆરી ૧૯૫૯ના રોજ હરિયાણામાં જન્મ્યા હતા. ઈતિહાસ ઉપરાંત તેમણે યોગ વિજ્ઞાન અને નેચરોપથીમાં ડોક્ટરેટ કર્યું છે. તેમણે માસિક પત્રિકા ગુરૂકુલ દર્શનના સંપાદન ઉપરાંત પ્રાકૃતિક ચિકિત્સા અંગે પુસ્તક લખ્યું છે. આર્ય સમાજના તેઓ પ્રચારક રહ્યાં છે. સરકારની કોઈ આર્થિક સહાય વિના તેમણે ૧૯૮૦ના દાયકાથી ગુરૂકુલ કુરૂક્ષેત્રના માર્ગદર્શક, વાલી, પ્રિન્સિપાલ અને વોર્ડન તરીકે સેવા આપી છે. તેમનો ધ્યેય રાષ્ટ્રવાદી ચિંતન અને ભારતીય સંસ્કૃતિને જનમાનસ સુધી પહોંચાડવાનો રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બેટી બચાવો, બેટી પઢાઓ અભિયાનથી પ્રભાવિત થઈને તેમણે એપ્રિલ ૨૦૧૫માં અંબાલામાં ચમનવાટિકા આંતરરાષ્ટ્રીય કન્યા ગુરૂકુલની સ્થાપના કરી હતી.

**વિદેશ પ્રવાસ છતાં ભારતીય સંસ્કૃતિના પૂજક...**

આચાર્ય દેવવ્રત અમેરિકા, સ્વિટ્ઝર્લેન્ડ, નેધરલેન્ડ, હોલેન્ડ, ફ્રાન્સ, ઈટાલી, વેટિકન સિટી, નેપાળ, ભૂતાન, સિંગાપુર, મોરેસિયસ અને થાઈલેન્ડ જેવા દેશોમાં ભ્રમણ કરી ચૂક્યાં છે. સમાજમાં મહત્વપૂર્ણ યોગદાન બદલ તેમને અમેરિકન બાયોગ્રાફિકલ ઈન્સ્ટીટ્યુટ દ્વારા ૨૦૦૨માં અમેરિકન મેડલ ઓફ ઓનર મળી ચૂક્યો છે. સમાજની વિશિષ્ટ સેવાઓ માટે ભારતના પૂર્વ મુખ્ય ન્યાયધીશ જસ્ટીસ પીએન ભગવતી દ્વારા ૨૦૦૯માં જનહિત શિક્ષક એવોર્ડ મળ્યો છે. આ સાથે અનેક એવોર્ડ તેમણે મેળવ્યા છે, જેમાં ઓલ ઈન્ટલેક્ચ્યુઅલ પરિસંઘ અને શોધ કેન્દ્ર દ્વારા તેમને મળેલો ઈન્ટલેક્ચ્યુઅલ પર્સનાલિટી (વિદ્વાન રત્ન) પણ મુખ્ય છે. તેઓ ૧૩ જેટલી વિવિધ સંસ્થાઓમાં સદસ્ય તરીકે કામ કરી રહ્યાં છે. તેમનું લક્ષ્ય વૈદિક સંસ્કૃતિ અને પરંપરાનું પ્રાચીન ગૌરવને પ્રસ્થાપિત કરી માનવ માત્રમાં તેની વૈજ્ઞાનિક સમજને વિકસિત કરવાનું છે.